दाखल तारीख :- २६-१२-२०२४

દાખલ તારીખ :- ૨૬–૧૨–૨૦૨૪
નોંધણી તારીખ :- ૨૬–૧૨–૨૦૨૪
ફેંસલ તારીખ :- ૧૧–૦૩–૨૦૨૬
સમયગાળો :- **<u>વર્ષ–માસ–દિવસ</u>**
**૦૧ – ૦૨ – ૧૬**

---

**પાટણ જીલ્લાના મહે.સ્પેશ્યલ જજ(પોકસો) સાહેબશ્રીની કોર્ટમાં, મુ.પાટણ.**

---

**સ્પે.પોકસો કેસ નં.૭૪/૨૦૨૪**
**આંક :- ૭૬**

**ફરીયાદી :-** **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી :-** (૧) **આકાશ ઉર્ફે અકુ રસિકભાઇ કાનજીભાઇ રાવળ,**
ઉં.વ.આ.૨૪, ધંધો : મજુરી,
રહે.મણુંદ, પાંચ માઢ, બગીચાની બાજુમાં,
તા.જી.પાટણ.

(૨) **અક્ષય દશરથભાઇ કરશનભાઇ વાઘરી,**
ઉં.વ.આ.૨૭, ધંધો : મજુરી,
રહે.મણુંદ, આથમણી પાર્ટી, વાઘરીવાસ,
તા.જી.પાટણ.

---

**આરોપ :-** ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૫૪ તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ, ૨૦૧૨ ની કલમ–૪(૨), ૫(એલ), ૬, ૧૧(૪), ૧૭ મુજબ.

---

**એડવોકેટસ :-**
ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.બારોટ.
આરોપી તરફે ડેપ્યુટી ચીફ એલ.એ.ડી.સી.વિ.વકીલશ્રી એસ.ડી.સિયોલા.

---

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | તા.૧૫/૧૧/૨૦૨૪ |
| એફ.આઇ.આર.ની તારીખ | તા.૧૯/૧૧/૨૦૨૪ |
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | તા.૨૬/૧૨/૨૦૨૪ |

| | |
|---|---|
| તહોમતનામું ફરમાવ્યા તારીખ | તા.૨૬/૦૩/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયા તારીખ | તા.૦૨/૦૪/૨૦૨૫ |
| કેસ જજમેન્ટ ઉપર મુકયા તારીખ | તા.૧૧/૦૩/૨૦૨૬ |
| જજમેન્ટની તારીખ | તા.૧૧/૦૩/૨૦૨૬ |

| અ.નં. | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુકત થયા તારીખ | ગુનાની કલમો | છુટી ગયો કે સજા | ફરમાવેલ સજા | ક્રિ.પ્રો.કો. કલમ-૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | આકાશ ઉર્ફે અકુ રસિકભાઇ કાનજીભાઇ રાવળ | ૨૨/૧૧/૨૪ | ૦૫/૦૭/૨૫ | બી.એન.એસ.એસ. કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૫૪ તથા પોકસો એકટની કલમ-૪(૨), ૫(એલ), ૬, ૧૧(૪), ૧૭ | છુટી ગયો | -- | ૦૭ માસ, ૧૩ દિવસ |
| ૨. | અક્ષય દશરથભાઇ કરશનભાઇ વાઘરી | ૨૩/૧૨/૨૪ | ૨૩/૧૨/૨૪ આગોતરા જામીન મુકત | ઉપર મુજબ | છુટી ગયો | -- | -- |

**-:: ઠ રા વ ::-**

**(૧)** આ કામના આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૫૪ તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ, ૨૦૧૨ ની કલમ-૪(૨), ૫(એલ), ૬, ૧૧(૪), ૧૭ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે.

**(૨)** નામદાર સુપ્રિમ કોર્ટે **નિપુન સકશેના વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા, ૨૦૧૯(૧) એસીઆર પેજ નં.૬૬૩** ના ચુકાદામાં આપેલ ડાયરેકશન મુજબ તથા પોકસો એકટની કલમ-૩૩(૭) મુજબ ભોગ બનનારની ઓળખ જાહેર ન થાય તે માટે આ જજમેન્ટમાં તેણીના નામનો કોઇ જગ્યાએ ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

**(૩)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામે ફરીયાદ ભોગ બનનારના માતાએ આપેલી છે. બનાવ વખતે તેમની ભોગ બનનાર દિકરીની ઉંમર ૧૫ વર્ષ અને ૧૦ માસની હતી અને ભોગ બનનાર

દિકરીની જન્મ તા.૦૮/૦૧/૨૦૦૯ ની છે. ભોગ બનનાર ફરીયાદીના માતાના ઘરે રહેતી હતી ત્યારે અવાર નવાર તેઓને ફોન ઉપર વાતચીત થતી હતી અને તા.૧૬/૧૧/૨૦૨૪ ના રોજ સવારના આશરે સાડા નવેક વાગે ફરીયાદીની માતાએ કોઇકના ફોનમાંથી ફોન કરી ફરીયાદીને કહેલ કે, તેઓ સાંજે ચારેક વાગે ગામમાં ગયા ત્યારે ભોગ બનનાર ઘરે હાજર હતી અને ઘરે આવેલ ત્યારે ભોગ બનનાર ઘરે હાજર મળેલ નહીં અને આજ સવાર સુધી ઘરે આવેલ ન હોવાનું જણાવેલ. જેથી ફીચાદીએ તેમની ભોગ બનનાર દિકરીને ફોન કરતા તેણીનો ફોન બંધ આવતો હતો અને ફરીયાદીના પતિ અમદાવાદથી ઘરે આવીને તેમની ભોગ બનનાર દિકરીની આજુબાજુ તથા સગા સબંધીઓમાં તપાસ કરતા તેણીની કોઇ ભાળ મળેલ નહીં. પરંતુ, તેમની ભોગ બનનાર દિકરી તેઓના સમાજના અકુભાઇ રસીકભાઇ રાવળના પરિચયમાં હોઇ, તેઓના કુટુંબના લોકો મણુંદ ગામે આ છોકરાના ઘરે જઇ તેની માતા અને ભાઇને વાત કરેલ તો તેમણે કહેલ કે, તેમનો છોકરો ચાર-પાંચ દિવસથી ઘરે આવેલ નથી અને હાલમાં કયાં છે તેની ખબર નથી અને તેઓના ઘરે આવશે કે જાણ થતી તો તેઓને જાણ કરશે તેમ કહેલ. ત્યારબાદ પણ ભોગ બનનારની શોધખોળ કરવા છતાપ તેણીની કોઇ ભાળ મળી આવેલ ન હોઇ, જેથી ફરીયાદીએ આ સબબની હારીજ પોલીસ સ્ટેશનમાં લેખીત ફરીયાદ નોંધાવેલી. સદર ફરીયાદ રજીસ્ટર થતા હારીજ પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૧૭૦૦૯૨૪૦૮૩૭/૨૦૨૪ થી નોંધી અને આ અંગેની તપાસ કરનાર અમલદારે તપાસ કરેલી. તપાસ કરનાર અધિકારીએ તપાસ દરમ્યાન ભોગ બનનાર તથા અન્ય સાહેદોના નિવેદનો લઇ, જરૂરી પંચનામા કરીને, ભોગ બનનાર તેમજ આરોપી નંબર-૧ ની મેડીકલ તપાસ કરાવીને પૂરાવા એકઠા કરેલા. મુદ્દામાલ કપડા અને નમુનાઓ એકત્ર કરી એફ.એસ.એલ. ખાતે મોકલી આપેલા. સંપૂર્ણ તપાસના અંતે ભોગ બનનાર દિકરી સગીર વચની જણાઇ આવતા તેમજ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઇ આવતા, આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહીતાની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૫૪ તથા પોકસો એકટની કલમ-૪(૨), ૫(એલ), ૬, ૧૧(૪), ૧૭ હેઠળનું ચાર્જશીટ અત્રેની સ્પેશ્યલ કોર્ટ, પાટણમાં રજુ કરેલુ.

(૪) આરોપીઓને અદાલત સમક્ષ હાજર કરાવી તેઓને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ આરોપીઓ વિરૂધ્ધ આંક–૧૦ થી ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૫૪ તથા પોક્સો એકટની કલમ–૪(૨), ૫(એલ), ૬, ૧૧(૪), ૧૭ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ તથા આંક–૧૧ અને આંક–૧૨ થી આરોપીઓના નિવેદનો લેતા, આરોપીઓએ તેઓની સામેના ગુનાનો ઈનકાર કરી કેસ આગળ ચલાવવાની માંગણી કરતા, આરોપીઓ સામેનો કેસ સાબિત કરવા ફરીયાદ પક્ષનો કેસ પુરાવા રજુ કરવા મુકરર કરવામાં આવેલ.

(૫) ફરીયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક પુરાવાઓ રજુ કરેલા છે.

| સાહેદ નંબર | સાહેદનું નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧. | ડો.ભુમિબેન ખુશાલભાઈ પરમાર | ભોગ બનનાર અને આરોપીની તપાસ કરનાર સી.એચ.સી. હારીજના મેડીકલ ઓફિસર | ૧૪ |
| ૨. | લક્ષ્મીબેન હર્ષદકુમાર પરીખ | જન્મ–મરણ નોંધણી અધિકારી | ૨૧ |
| ૩. | ડો.તપોવનસિંહ ગમસિંગભાઈ નાયકા | ભોગ બનનારની તપાસ કરનાર ધારપુર હોસ્પિટલના મેડીકલ ઓફિસર | ૨૪ |
| ૪. | રૂત્વીક નરેશભાઈ સુરેલા | ભોગ બનનાર અને આરોપીના કપડા તથા વાહન કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ | ૩૦ |
| ૫. | ભોગ બનનારના માતા | ફરીયાદી | ૪૮ |
| ૬. | ભોગ બનનાર | ભોગ બનનાર | ૫૦ |
| ૭. | ભોગ બનનારના પિતા | ભોગ બનનારના પિતા | ૫૨ |
| ૮. | વિજયકુમાર હંસરાજભાઈ | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ | ૫૪ |
| ૯. | હિતેશભાઈ જયંતિભાઈ વાણીયા | પી.એસ.ઓ. | ૫૬ |
| ૧૦. | કેશરભાઈ ભીખાભાઈ દેસાઈ | તપાસ કરનાર અધિકારી | ૫૯ |
| ૧૧. | નિરવકુમાર અમૃતલાલ શાહ | તપાસ કરનાર અધિકારી | ૬૧ |

(૬) ફરીયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

| અનુક્રમ નંબર | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ભોગ બનનારની શારીરિક તપાસ અંગે સી.એચ.સી. ચાણસ્માને ત.ક.અમલદારે કરેલ યાદી | ૧૫ |
| ૨. | ભોગ બનનારના સેમ્પલ એફ.એસ.એલ.માં મોકલવા અંગેનો સી.એચ.સી.ચાણસ્માનો ફોરવર્ડીંગ લેટર | ૧૬ |
| ૩. | ભોગ બનનારની શારીરિક તપાસ અંગેનું સી.એચ.સી. ચાણસ્માનું મેડીકલ સર્ટીફિકેટ | ૧૭ |
| ૪. | ભોગ બનનારની શારીરિક તપાસ અંગેના સી.એચ.સી. ચાણસ્માના કેસ પેપર્સ | ૧૮ |
| ૫. | આરોપીની શારીરિક તપાસ અંગે સી.એચ.સી. ચાણસ્માને ત.ક.અમલદારે કરેલ યાદી | ૧૯ |
| ૬. | આરોપીની શારીરિક તપાસ અંગેનું સી.એચ.સી. ચાણસ્માનું મેડીકલ સર્ટીફિકેટ | ૨૦ |
| ૭. | અમદાવાદ વસ્ત્રાપુર વોર્ડના જન્મ નોંધણી રજીસ્ટરના સંબંધિત પાનાની ખરી નકલ | ૨૨ |
| ૮. | ભોગ બનનારના જન્મ પ્રમાણપત્રની નકલ | ૨૩ |
| ૯. | ભોગ બનનારની શારીરિક તપાસ અંગે ધારપુર હોસ્પિટલને ત.ક.અમલદારે કરેલ યાદી | ૨૫ |
| ૧૦. | ભોગ બનનારના લીધેલ સેમ્પલ એફ.એસ.એલ.માં મોકલવા અંગેનો ધારપુર હોસ્પિટલનો ફોરવર્ડીંગ લેટર | ૨૬ |
| ૧૧. | ભોગ બનનારની ગાયનેક તપાસ અંગેનો ધારપુર હોસ્પિટલનો એકઝામીનેશન રીપોર્ટ | ૨૭ |
| ૧૨. | ભોગ બનનારની શારીરિક તપાસ અંગેનું ધારપુર હોસ્પિટલનું મેડીકલ સર્ટીફિકેટ | ૨૮ |
| ૧૩. | ભોગ બનનારની શારીરિક તપાસ અંગેના ધારપુર હોસ્પિટલના કેસ પેપર્સ | ૨૯ |
| ૧૪. | ભોગ બનનારની શરીર સ્થિતી તથા તેણીના બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામું | ૩૧ |
| ૧૫. | મુદ્દામાલ આર્ટિકલ નં.૧ થી ૫ ના કપડા સાથેની પંચ સ્લીપો | ૩૨ થી ૩૬ |
| ૧૬. | આરોપી નં.૧ ની શરીર સ્થિતી તથા તેના બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામું | ૩૭ |
| ૧૭. | મુદ્દામાલ આર્ટિકલ નં.૬ અને ૭ ના કપડા સાથેની પંચ સ્લીપો | ૩૮, ૩૯ |
| ૧૮. | ગુનાના કામે વપરાયેલ મુદ્દામાલ વાહન વેગન આર | ૪૦ |

| | | |
|---|---|---|
| | ગાડી કબજે કર્યાનું પંચનામું | |
| ૧૯. | ફરીયાદ | ૪૯ |
| ૨૦. | ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન | ૫૧ |
| ૨૧. | આરોપીએ ભોગ બનનાર સાથે શરીર સંબંધ બાંધેલ તે ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૫૫ |
| ૨૨. | ડેપ્યુટ હુકમ | ૫૭ |
| ૨૩. | ભોગ બનનારના આધાર કાર્ડની નકલ | ૫૮ |
| ૨૪. | સરકારી પંચની ફાળવણી કરવા અંગે એસ.એલ.આર. કચેરી, નડીયાદને ત.ક.અમલદારે કરેલ યાદી | ૬૦ |
| ૨૫. | કલમ વધારા અંગે વિ.મેજીસ્ટ્રેટ કોર્ટ, હારીજને ત.ક.અમલદારે કરેલ રીપોર્ટ | ૬૨ |
| ૨૬. | ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ નું નિવેદન નોંધવા અંગે વિ.મેજીસ્ટ્રેટ કોર્ટ, પાટણને ત.ક.અમલદારે કરેલ રીપોર્ટ | ૬૩ |
| ૨૭. | મુદ્દામાલ રવાનગી પત્રક | ૬૪ |
| ૨૮. | મુદ્દામાલ મળ્યા અંગેની એફ.એસ.એલ.અમદાવાદની પહોંચ | ૬૫ |
| ૨૯. | પંચ તરીકે સરકારી કર્મચારી ફાળવવા અંગે જાહેર આરોગ્ય સુખાકારી પેટા વિભાગની કચેરી, હારીજને ત.ક.અમલદારે કરેલ યાદી | ૬૬ |
| ૩૦. | ભોગ બનનારના જન્મ પ્રમાણપત્રની ખરાઈ કરવા અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ–જન્મ–મરણ વિભાગ દ્વારા ત.ક.અમલદારને કરેલ પત્ર | ૬૭ |
| ૩૧. | ભોગ બનનાર બાબતે માહિતી પાઠવવા અંગે પી.ડી. પટેલ આયુર્વેદ હોસ્પિટલ, નડીયાદને ત.ક.અમલદારે કરેલ યાદી | ૬૮ |
| ૩૨. | ભોગ બનનારની સારવાર અંગેના પી.ડી.પટેલ આયુર્વેદ હોસ્પિટલ, નડીયાદના કેસ પેપર્સ | ૬૯ |
| ૩૩. | અતિથિ નિવાસ, નડીયાદ ખાતે આરોપી તથા ભોગ બનનારે રોકાણ કર્યા અંગેની પાવતીની નકલ | ૭૦ |
| ૩૪. | એફ.એસ.એલ.અમદાવાદનો ફોરવર્ડીંગ લેટર | ૭૧ |
| ૩૫. | એફ.એસ.એલ. અમદાવાદનો બાયોલોજીકલ તથા સીરોલોજીકલ પૃથ્થકરણ અહેવાલ | ૭૨ |

(૭) ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીએ આંક–૭૩ થી ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયાની પુરસીસ તા.૧૩/૧૧/૨૦૨૫ ના રોજ આપેલ છે.

(૮) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતા ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળ આરોપીઓનો વિશેષ ખુલાસો લેવામાં આવેલ. જેમાં આરોપીઓ સામે જે આક્ષેપો કરવામાં આવેલા, તે તમામ આક્ષેપોનો આરોપીઓએ ઈનકાર કરેલ. બચાવ પક્ષે આરોપીઓએ કોઇ સાહેદ તપાસેલ નથી કે સોગંદ ઉપર પુરાવો કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. વિશેષમાં આરોપીઓએ જણાવેલ કે, તેઓ નિર્દોષ છે અને તેઓએ કોઇ ગુનો કરેલ નથી અને તેઓની ઉપર પુરતા પુરાવા ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે તેમજ તેઓને નિર્દોષ છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૯) ત્યારબાદ બન્ને પક્ષના વિદ્વાન ધારાશાસ્ત્રીઓની લંબાણ પૂર્વકની દલીલો સાંભળવામાં આવી. ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.બારોટે દલીલ કરતા મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, ભોગ બનનાર બનાવના દિવસે સગીર વયના હોવાનું આરોપીઓ જાણતા હોવા છતા આરોપી નંબર–૧ નાએ ભોગ બનનારને લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી, ફોસલાવી બદકામ કરવાના બદઈરાદે તેના વાલીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયેલ તેમજ ભોગ બનનાર સાથે અવાર નવાર શરીર સંબંધ બાંધી બળાત્કાર જેવો ગુનો કરેલ અને તેમાં આરોપી નંબર–૨ નાએ મદદગારી કરેલ હોવાની ફરીયાદ આધારે પોલીસે તપાસ કર્યા બાદ તપાસના અંતે ચાર્જશીટ રજુ કરેલ છે. આ કામે ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલા સાહેદોએ બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હોવાનું જણાવેલ છે તથા જન્મ–મરણ નોંધણી અધિકારીએ રજુ કરેલ પુરાવા આધારે બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હોવાનું પુરવાર થાય છે તેમજ આ કામે ભોગ બનનારની જુબાની જોતા, આરોપીએ તેણીને લલચાવી, ફોસલાવી ભગાડી જઈ અને તેણીની સાથે અવાર નવાર શરીર સંબંધ બાંધેલ હોવાનું જણાવેલ છે તથા બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ ના નિવેદનમાં તેમજ ભોગ બનનારના માતા–પિતા તથા અન્ય સાહેદોની જુબાની તેમજ

મેડીકલ ઓફિસરશ્રીની જુબાની તથા પોલીસ સાહેદોની જુબાનીમાં પણ આ કામના આરોપીએ ગુનો આચરેલ હોવાનું જણાઇ આવતુ હોઇ તેમજ પંચનામાના પંચ સાહેદોએ પણ ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન આપેલ હોઇ, તે સંજોગોમાં ફરીયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ છે. જેથી આ કામના આરોપીને તકસીરવાન ઠરાવી કાયદામાં મુકરર કરેલ મહત્તમ સજા કરવા વિનંતી કરેલ છે.

(૧૦) બચાવપક્ષે આરોપીઓ તરફે ડેપ્યુટી ચીફ એલ.એ.ડી.સી. વિ.વકીલશ્રી એસ.ડી.સિયોલાની મુખ્યત્વે એવી રજુઆત છે કે, આ કામે ભોગ બનનાર સગીર વયના હોવા બાબતે જે પુરાવો રજુ થયેલ છે તે પુરતો પુરાવો નથી. ભોગ બનનારના જન્મની નોંધણી કરનારને આ કામે તપાસેલ નથી અને જે રજીસ્ટ્રારને તપાસેલ છે તેઓએ ભોગ બનનારના જન્મની નોંધણી કરેલ નથી, પરંતુ રેકર્ડ આધારે જુબાની આપેલ છે. વધુમાં, તેઓએ પોતાની જુબાનીમાં ભોગ બનનારના જન્મની નોંધ કયા આધારે કરવામાં આવેલ છે તે બાબતે કોઇ હકીકત જણાવેલ નથી તેમજ રજુ થયેલ જન્મ રજીસ્ટરમાં ભોગ બનનારનું નામ જણાવેલુ નથી તથા ભોગ બનનારનો જન્મ તા.૦૮/૦૧/૨૦૦૯ ના રોજ થયેલ અને તા.૦૯/૦૧/૨૦૦૯ ના રોજ નોંધણી કરાવવામાં આવેલ હોવાનું ફરીયાદ પક્ષે જણાવેલ છે. જયારે આંક–૨૩ થી પ્રમાણપત્ર રજુ કરેલ છે, તે પ્રમાણપત્ર તા.૦૯/૦૧/૨૦૦૯ ના રોજ આપેલ છે. જેમાં ભોગ બનનારનું નામ જણાવેલ છે. જેના હસ્તાક્ષર અલગ છે અને નામ લખેલ છે તેની નીચે માત્ર ડેશ (–) કરવામાં આવેલ હતુ. પરંતુ, પાછળથી નામ ઉમેરીને ખોટો પુરાવો રજુ કરવામાં આવેલ છે. હકીકતમાં ભોગ બનનાર તેઓનું પ્રથમ સંતાન હોય અને હિન્દુ રીવાજ મુજબ પ્રથમ સંતાનનો જન્મ હંમેશા પિયરમાં થતો હોય છે. જયારે હાલના કેસમાં અમદાવાદમાં જન્મ થયેલ હોવાનું દર્શાવી અને પુરાવો રજુ કરેલ છે. હકીકતે ભોગ બનનારથી નાની બે બહેનો છે. તે પૈકી ભોગ બનનારની પછીની નાની બહેન જે ધોરણ–૯ માં અભ્યાસ કરતી હતી તેનો પુરાવો રજુ કરેલ હોવાનું માનવાને કારણ રહે છે. વધુમાં, ફરીયાદ પક્ષે જે હોસ્પિટલમાં ભોગ બનનારનો જન્મ થયેલ હોવાનું જણાવેલ છે તે શ્રીજી હોસ્પિટલના કોઇપણ માહિતગર વ્યકિતને

તપાસેલ નથી કે તેનો કોઇ પુરાવો રજુ કરેલ નથી તેમજ જુવેનાઇલ જસ્ટીસ એકટની જોગવાઇઓ મુજબ, ભોગ બનનારનો ઓસીફીકેશન ટેસ્ટ કરવામાં આવેલ નથી. તેથી ભોગ બનનાર સગીર વયના હોવાનું નિ:શંકપણે પુરવાર થતુ નથી. બનાવ સમયે આરોપી અને ભોગ બનનાર બંને પ્રેમ સંબંધમાં હતા અને ભોગ બનનારે આરોપીને જો તે નહીં આવે તો દવા પીને મરી જવાની ધમકી આપીને ભાગવા માટે મજબુર કરેલ અને ત્યારબાદ ભોગ બનનારે જબરજસ્તી કરતા આરોપીને ભોગ બનનાર સાથે અમદાવાદમાં મંદિરમાં લગ્ન કરવાની ફરજ પડેલી. જેથી આરોપી સામે કોઇ ગુનો બનતો નથી. આ કામે તપાસેલ પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. જેથી બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭ મુજબનો કોઇ ગુનો બનતો નથી. વધુમાં, ફરીયાદ પક્ષે તપાસેલ ભોગ બનનારના માતા–પિતા અને અન્ય સાહેદોનો પુરાવો જોતા, તેઓએ બનાવ નજરે જોયેલ નથી અને તે સંજોગોમાં એકમાત્ર ભોગ બનનારની જુબાનીના આધારે આરોપીઓ સામેનો કેસ પુરવાર થયેલો માની શકાય નહીં. વધુમાં, આ કામના આરોપી નંબર–૨ સામે લેશમાત્ર પુરાવો આવેલ નથી. આ સંજોગોમાં આરોપીઓ વિરૂધ્ધના તહોમતનામામાં જણાવ્યા મુજબનો ગુનો ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરી શકેલ ન હોઇ, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૧૧) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના **મુદ્દાઓ** ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવ તા.૧૫/૧૧/૨૦૨૪ ના રોજ ભોગ બનનાર ૧૮ વર્ષ કરતા ઓછી આયુની એટલે કે, સગીર વયની હતી ?

(૨) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નંબર–૨ ની મદદગારીથી આરોપી નંબર–૧ નાએ ફરીયાદીની સગીર વયની ભોગ બનનાર દિકરીને લગ્ન કરવાની લાલચ આપી, તેણીને લલચાવી, ફોસલાવી અગર તો તેણીના અધિકારનો

દુરપયોગ કરી બળજબરીપુર્વક તેના વાલીપણામાંથી અપહરણ, અપનયન કરી લઈ જઈ, આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭ સાથે વાંચતા કલમ–૫૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

(૩) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નંબર–૨ ની મદદગારીથી આરોપી નંબર–૧ નાએ પોતાનો ગુનાહિત ઈરાદો બર લાવવા સારૂ ૧૬ વર્ષથી નાની સગીર વયની ભોગ બનનારનું અપહરણ, અપનયન કરી લઈ જઈ, તેણીની સાથે અવાર નવાર બળાત્કાર કરી, તેનું અવાર નવાર જાતીય શોષણ કરી, જાતીય ગુનો આચરી, આ કામના આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૬૪ (૨)(એમ), ૬૫(૧) સાથે વાંચતા કલમ–૫૪ તથા પોક્સો એકટની કલમ–૪(૨), ૫(એલ),૬, ૧૧(૪) સાથે વાંચતા કલમ–૧૭ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

(૪) શું હુકમ ?

**(૧૨)** આ કામે રજુ થયેલ પુરાવાઓ તથા કરવામાં આવેલ દલીલોનું કાળજીપૂર્વકનું મુલ્યાંકન કરતા, ઉપરોક્ત મુદ્દાઓના **નિર્ણય** નીચે મુજબ કરવામાં આવેલ છે.

**(૧) નકારમાં.**
**(૨) નકારમાં.**
**(૩) નકારમાં.**
**(૪) અંતિમ હુકમ મુજબ.**

## –::: કા ર ણો :::–

**મુદ્દા નંબર – ૧ ::–**

**(૧૩)** આ કામે પક્ષકારોની રજુઆત તથા રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતા, ફરીયાદ પક્ષ તરફે ભોગ બનનાર બનાવ સમયે સગીર વયના હોવાનું પુરવાર કરવા માટે સાહેદ નંબર–ર અમદાવાદ જોધપુર વોર્ડના વેકસીનેટર કમ કલાર્ક લક્ષ્મીબેન હર્ષદકુમાર પરીખની આંક–ર૧ ની જુબાની ધ્યાને લેતા, તેઓના વસ્ત્રાપુર વોર્ડના જન્મ–મરણના સને–ર૦૦૭ ના રજીસ્ટર નંબર–૧ ના પાના નંબર–૪ ઉપર અનુક્રમ નંબર–૧૭ થી ભોગ બનનારની જન્મની નોંધણી હોવાનું જણાવેલ છે. જેમાં ભોગ બનનારની જન્મની નોંધણી તા.૦૯/૦૧/ર૦૦૯ ના રોજ કરવામાં આવેલ છે અને ભોગ બનનારની જન્મ તા.૦૮/૦૧/ર૦૦૯ ની તથા જન્મ સ્થળ શ્રીજી હોસ્પિટલ અને માહિતી આપનાર તરીકે ડો.અજય શાહ લખેલ હોવાનું જણાવેલ છે અને આંક–રર અને આંક–ર૩ વાળા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. બચાવપક્ષ તરફે થયેલ ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ સ્વીકારેલ છે કે, આંક–રર ના કોલમ નંબર–૧૭ માં કોઇની સહી નથી. આંક–રર ના કોલમ નંબર–ર માં બાળકનું નામ લખેલ નથી તેવુ પણ સ્વીકારેલ છે. વધુમાં, સ્વીકારેલ છે કે, બાળકનો જન્મ જે જગ્યાએ થાય તે જગ્યાની નગરપાલિકા કે ગ્રામ પંચાયતમાં કે મહાનગરપાલિકામાં નોંધણી કરાવવાની હોય છે. વધુમાં, સ્વીકારેલ છે કે, બાળકની નોંધ તેઓના રજીસ્ટરમાં થઇ ત્યારે તેઓ આ વોર્ડમાં ફરજ બજાવતા ન હતા. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–રર ના રજીસ્ટરમાં ભોગ બનનારનું નામ જણાવવામાં આવેલ નથી અને રેકર્ડમાં માત્ર સ્ત્રી લખેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેનું નામ પાછળથી શું છે તે તેઓ જણાવી શકે નહીં. આમ, ઉપરોકત પુરાવો જોતા, સદર સાહેદના જણાવ્યા મુજબ, ભોગ બનનારની જન્મ તા.૦૮/૦૧/ર૦૦૯ ની અને નોંધણીની તા.૦૯/૦૧/ર૦૦૯ ની હોવાનું અને શ્રીજી હોસ્પિટલમાં જન્મ થયેલો અને માહિતી ડો.અજય શાહે આપેલી હોવાનું જણાવેલ છે. જો કે, તેઓએ રજુ કરેલ આંક–રર નો રજીસ્ટરનો ઉતારો ધ્યાને લેતા, ભોગ બનનારની નોંધ અનુક્રમ નંબર–૧૭ માં દર્શાવેલ છે. જેમાં જન્મ તારીખ અને નોંધણી તારીખને

સમર્થન મળે છે. પરંતુ, બાળકના નામની કોલમ ખાલી છે. જયારે આ કામે આંક–૨૩ થી બાળકના જન્મના પ્રમાણપત્રની જે નકલ રજુ થયેલ છે, તે ધ્યાને લેતા, તે તા.૦૯/૦૧/૨૦૦૯ ના રોજ ઇસ્યુ કરવામાં આવેલ હોવાનું જણાય છે. આંક–૨૨ ના રજીસ્ટરમાં બાળકનું નામ દર્શાવેલ ન હોવા છતા, આંક–૨૩ ના તેજ દિવસે આપેલા પ્રમાણપત્રમાં ભોગ બનનારનું નામ દર્શાવેલ છે. વધુમાં, ઉપરોકત આંક–૨૩ નું પ્રમાણપત્ર ધ્યાનથી જોતા, બાળકના નામની જગ્યાએ ડેશ (–) હોવાનું જણાય છે અને તેની ઉપર નામ લખેલ હોવાનું જણાય છે. જે નામના હસ્તાક્ષર અને અન્ય હસ્તાક્ષરોમાં સામ્યતા જણાતી નથી. તે સંજોગોમાં જો બાળકનું નામ તા.૦૯/૦૧/૨૦૦૯ ના રોજ નોંધણી થઇ અને આંક–૨૩ વાળુ પ્રમાણપત્ર આપ્યુ તે દિવસે પાડી દેવામાં આવેલ હોય તો રજીસ્ટરમાં પણ નામ હોવુ જોઇતુ હતુ. પરંતુ, રજીસ્ટરમાં ભોગ બનનારનું નામ નથી. જયારે આંક–૨૩ ના પ્રમાણપત્રમાં ભોગ બનનારનું નામ હોવાનું જણાય છે. જે શંકા ઉપજાવે છે. વધુમાં, આ કામે સદર સાહેદની ઉલટતપાસ જોતા પણ તેઓએ સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, આંક–૨૨ ના રજીસ્ટરમાં ભોગ બનનારનું નામ જણાવવામાં આવેલ નથી અને રેકર્ડમાં માત્ર સ્ત્રી લખેલ છે. વધુમાં, આ કામે ડો.અજય શાહ, શ્રીજી હોસ્પિટલના કોઇ જવાબદાર વ્યકિતને તપાસવામાં આવેલ નથી કે તેમની હોસ્પિટલમાંથી કોઇ પુરાવો મેળવીને રજુ કરવામાં આવેલ નથી.

**(૧૪)** વધુમાં, ભોગ બનનારના માતા–પિતાનો પુરાવો ધ્યાને લેતા, ભોગ બનનારનો જન્મ અમદાવાદ શ્રીજી હોસ્પિટલમાં વસ્ત્રાલ ખાતે થયેલ હોવાનું ભોગ બનનારની માતા જણાવે છે. જયારે ભોગ બનનારની જુબાની જોતા, તેણીનો જન્મ વસ્ત્રાપુર ખાતે હોસ્પિટલમાં થયેલ હોવાનું જણાવેલ છે. જયારે ભોગ બનનારના પિતાએ ભોગ બનનારનો જન્મ કયાં થયેલ તે બાબતે કોઇ હકીકત જણાવેલ નથી. વધુમાં, ભોગ બનનારના માતા–પિતાનો પુરાવો જોતા, તેઓને ભોગ બનનાર સહિત કુલ ત્રણ દિકરીઓ છે. જેમાં ભોગ બનનાર પ્રથમ સંતાન છે. ત્યારબાદ બીજા નંબરનું સંતાન પણ દિકરી છે. ભોગ બનનારની જુબાની જોતા, તેણી દસ ધોરણ સુધી ભણેલી છે. જયારે તેનાથી નાની બહેન નવમા ધોરણમાં અભ્યાસ કરતી હોવાનું જણાવેલ છે.

વધુમાં, રેકર્ડ ઉપરનો પુરાવો જોતા, બનાવ સમયે ભોગ બનનારની સગાઇ પણ થઇ ગયેલ હતી. વધુમાં, ભોગ બનનારની માતાએ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, ભોગ બનનાર તેમનું પ્રથમ સંતાન છે અને પ્રથમ સુવાવડ પિયરમાં થાય છે. આમ, ઉપરોકત તમામ હકીકતો જોતા, ફરીયાદ પક્ષે ભોગ બનનારની ઉંમર અંગે જે પુરાવો રજુ કરેલ છે તે પુરાવો શંકાસ્પદ હોવાનું જણાઈ આવે છે. વધુમાં, ભોગ બનનારે ધોરણ–૧૦ સુધી અભ્યાસ કરેલ હોવા છતા ભોગ બનનારની શાળામાંથી જન્મનો પુરાવો મેળવી રજુ કરવામાં આવેલ નથી કે ભોગ બનનારની શાળાના જવાબદાર વ્યકિતને તપાસવામાં આવેલ નથી. વધુમાં, આ કામે રેકર્ડ ઉપરનો પુરાવો જોતા, ભોગ બનનારની ઉંમર બાબતે કોઈ ઓસીફીકેશન ટેસ્ટ પણ કરાવવામાં આવેલ હોવાનું જણાઈ આવતુ નથી. તે સંજોગોમાં સદર સાહેદે રજુ કરેલ ઉપરોકત પુરાવો વ્યાજબી શંકા રહિત હોવાનું જણાઈ આવતુ નથી. તે સંજોગોમાં બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હોવાનું શંકાસ્પદ જણાઈ આવે છે અને શંકાનો લાભ હંમેશા આરોપીને મળે. તેથી ફરીયાદ પક્ષ બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હોવાનું વ્યાજબી શંકા રહિત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ, **મુદ્દા નંબર–૧** નો ઉત્તર **નકાર**માં આપવામાં આવે છે.

**મુદ્દા નંબર – ૨ અને ૩ :–**

**(૧૫)** ઉપરોક્ત મુદ્દા નંબર–ર અને ૩ એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા હોઈ, પુનરાવર્તન ટાળવાના હેતુસહ આ બંને મુદ્દાઓની એકસાથે ચર્ચા કરવામાં આવે છે.

**(૧૬)** ફરીયાદ પક્ષ તરફે તપાસેલ સાહેદ નંબર–૬ ભોગ બનનારની આંક–૫૦ ની જુબાની ધ્યાને લેતા, બનાવ અગાઉ તેણીની સગાઇ નેસડા ગામે થયેલી. તેણીની સગાઇ જે છોકરા સાથે થયેલી તે છોકરા સાથે તેણી વાતચિત કરતી હતી. તેણીના કાકીનુ પિયર મણુંદ ગામ થતુ હોઈ અને તેમના પિયરમાં રામાપીરનો પાઠ રાખેલ હોઇ અને તેણીના કાકીએ તેણીને તેમની સાથે આવવા કહેતા ભાદરવા મહિનાની બીજના દિવસે આ પાઠ હોવાથી તેણી તેમની સાથે મણુંદ ગામે ગયેલી, જયાં આરોપી આકાશને જોયેલો અને

ત્યાં તેઓની ઓળખાણ થયેલી. ત્યાં રાત્રે ભજન કિર્તન ચાલતુ હતુ, ત્યારે તેણીને તેની સાથે વાતચિત થયેલી અને ફોન નંબર આપેલા અને ત્યારબાદ તેણી અમદાવાદ જતી રહેલી. પછી તેઓ ફોન પર અવારનવાર વાતચિત કરતા હતા. પછી તેણી અમદાવાદથી તેણીના ગામ નવરાત્રી દરમ્યાન આવેલી. સને ૨૦૨૪ માં નવરાત્રીમાં તેણીના નાનીનો ફોન આવતા તેણીની માતાએ તેણીને તેણીના મામાના ઘરે મોકલેલી. જેથી તેણી તેણીના મામાના ઘરે ગયેલી. ત્યાં બે દિવસ રોકાયા બાદ તેણી બીમાર પડી ગયેલી. એટલે તેણીએ આકાશને દવાખાનુ બતાવવા માટે ફોન પર વાત કરેલી. પછી તેણી અને તેણીની નાની પાટણ તથા સંડેર દવાખાને ગયેલા અને ત્યાં સોનોગ્રાફી કરાવતા ડોકટર સાહેબે આંતરડામાં ઈન્ફેકશન હોવાનુ કહેલુ. પછી ફેર ન પડતા આકાશની સાથે નડીયાદ આયુર્વેદીક દવાખાને ગયેલી અને ત્યાં દવા કરાવેલી અને ત્યાં જ રહેલી અને આકાશ પણ ત્યાં તેણીની સાથે રોકાયેલ. બનાવના દિવસે બપોરના સમયે તેણીની નાની ઘરે ન હતી અને બપોરના ૦૩.૩૦ વાગે આકાશ અને તેના ભાઇબંધ અક્ષય ગાડી લઈને આવેલા અને તે ગાડીમાં તેઓ નડીયાદ જવા માટે નીકળેલા અને મહેસાણા આવતા તેણી અને આકાશ ગાડીમાંથી ઉતરી ગયેલા અને અક્ષય ગાડી લઈને જતો રહેલો. ત્યારબાદ તેઓ એસ.ટી.બસમાં નડીયાદ ગયેલા અને તે વખતે અક્ષયે આકાશને રૂા.૫૦,૦૦૦/- આપેલા. તે વખતે આકાશનો મોબાઈલ, પાકીટ તથા પૈસા બસમાં ખોવાઈ ગયેલા. પછી તેઓ બીજી બસમાં બેસી તે બસનો પીછો કરેલ તે બસ મળેલી, પરંતુ પર્સ કે મોબાઈલ પૈસા મળેલા નહી અને તેઓ રાત્રે બોરસદ મુકામે રોકાયેલા અને બીજા દિવસે સવારે નડીયાદ આવેલા અને આયુર્વેદિક દવાખાને ગયેલા. પછી ડોકટરને તેઓની પાસે પૈસા નથી, તેવી વાત કરતા ડોકટર સાહેબે રાહત થાય તેવી દવા આપેલી. નડીયાદ મુકામે તેઓના સમાજના એક ભાઈ હતા. તેમની આકાશે ઓળખાણ કરેલી અને તેમણે એક રૂમ ભાડે આપેલો. પછી તેઓ તે રૂમમાં રોકાયેલા. ત્યાં રૂમમાં તેઓ ત્રણ દિવસ રોકાયેલા. તે વખતે રાત્રે બારેક વાગે તેઓની વચ્ચે પહેલી વાર શરીર સંબંધ બંધાયેલો. આકાશે તેણીની સાથે કોઈ જબરજસ્તી કરેલ હોય તેવુ બનેલ નથી. તે રાત્રે તેઓની વચ્ચે બે વખત શરીર સંબંધ બંધાયેલો. બીજા દિવસે તેઓના સમાજના જે ભાઈ હતા, જેમનુ નામ તેણીને

યાદ નથી, તેમના ઘરે તેઓ ગયેલા અને એક દિવસ ત્યાં રોકાયેલા. બીજા દિવસે તેઓના સમાજના ભાઇને વાત કરતા તેઓ તેમના મામાના ઘરે તેમને લઇ ગયેલા અને તેમના નામ તેણીને યાદ નથી અને તે લોકો ખેતરમાં રહેતા હતા અને બે ઓરડીઓ હતી, ત્યાં રહેતા હતા અને ત્યાં તેઓ રોકાયેલા. તે વખતે ફરીથી તેણીની અને આકાશ વચ્ચે શરીર સંબંધ બંધાયેલો. તે વખતે આકાશે તેણીની સાથે કોઇ ધમકી આપી જબરજસ્તી કરેલ નથી. ત્યારબાદ તેઓ બંન્ને ઓરડીમાં સુતા હતા, ત્યારે રાત્રીના સમયે પોલીસ આવેલી અને તેઓને પો.સ્ટે. લઇ ગયેલા. પોલીસે તેણીની પુછપરછ કરી તેણીનું નિવેદન લીધેલુ. તેણીએ બનાવ સમયે જે કપડા પહેર્યા હતા તે પોલીસ સમક્ષ રજુ કરેલા હોવાનું જણાવી મુદ્દામાલ આર્ટીકલ નં.૧ થી ૫ વાળા કપડા ઓળખી બતાવેલ છે. પોલીસ તેણીને જજ સાહેબ પાસે નિવેદન આપવા માટે કોર્ટમાં લઇ ગયેલી. ત્યાં તેણીએ જજ સાહેબને તેણીનું નિવેદન લખાવેલુ હોવાનું જણાવી આંક-૫૧ થી ક્રિ.પ્રો.કોડની કલમ-૧૬૪ મુજબનુ નિવેદન રજુ કરેલ છે. પોલીસ તેણીને શારિરિક તપાસ માટે દવાખાને લઇ ગયેલ. દવાખાનામાં ડોકટર સાહેબે તેણીની બનાવ સંબંધે પુછપરછ કરેલી. દવાખાને તેણીની શારિરિક તપાસ ડોકટર સાહેબે કરેલી હોવાનું જણાવી આરોપીઓને ઓળખી બતાવેલ છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, તેણીએ સ્વીકારેલ છે કે, બનાવ બન્યાના પાંચ વર્ષ પહેલા તેણીની સગાઇ થયેલી હતી. તેણીએ સ્વીકારેલ છે કે, આકાશ તેણીના કાકીના ગામનો હોઇ તેણી બનાવ પહેલાથી તેને ઓળખે છે. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીના કાકીના પિયરના અને આકાશના ધરના લોકો વચ્ચે ઝઘડા ચાલતા હતા.

(૧૭) વધુમાં, ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર-૫ ભોગ બનનારના માતાની આંક-૪૮ ની જુબાની ધ્યાને લેતા, બનાવ તા.૧૬/૧૧/૨૦૨૪ ના રોજ બનેલો. બનાવના દિવસે તેણી તેણીના ઘરે હતી. તે વખતે તેમની ભોગ બનનાર દિકરી તેમની માતાના ઘરે તેમના પિયરમાં ગયેલી હતી. બનાવના દિવસે તેમની માતાનો તેમના પર ફોન આવેલો અને જણાવેલ કે, તેમની ભોગ બનનાર દિકરી ઘરે નથી અને ક્યાંક જતી રહેલી છે અને તેમના ઘરે આવેલ છે કે કેમ. જેથી તેણીએ ના પાડેલી. ત્યારબાદ તેણીએ તેણીના

પતિને વાત કરેલી. જેથી તેણીના પતિ અમદાવાદથી ઘરે આવેલા અને તેણીની ભોગ બનનાર દિકરી બાબતે તેણીના કુટુંબીઓ તથા સગાસંબંધીઓ અને આજુબાજુમાં તપાસ કરેલી. પરંતુ, તેમની ભોગ બનનાર દિકરી મળી આવેલ નહી. તેમની ભોગ બનનાર દિકરીને કોણ લઇ ગયેલુ તે કોની સાથે ગયેલી, તે બાબતે તેમને કંઇ જાત માહિતી ન હતી. તેમની ભોગ બનનાર દિકરીની તપાસ કરતા તે મળી ન આવતા તેણીએ પો.સ્ટે.માં ફરિયાદ આપેલી હોવાનું જણાવી આંક-૪૯ થી ફરિયાદ રજુ કરેલ છે. વધુમાં, ફરિયાદ આપ્યાના અઠવાડીયા બાદ પોલીસ તેમની ભોગ બનનાર દિકરીને શોધી લાવેલી અને તેમને પો.સ્ટે. બોલાવેલ. તેમની ભોગ બનનાર દિકરીની તેમણે પુછપરછ કરેલી અને તેણે તેમને કહેલ કે, આકાશ તેમને નડીયાદ મુકામે લઇ ગયેલા અને તેમને ગાડી લઇને મુકવા માટે અક્ષય આવેલ હતો અને ત્યાં તેની સાથે આકાશે ખરાબકામ કરેલ તેમ જણાવી આરોપીઓને ઓળખી બતાવેલ છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, તેમની માતાનો ફોન આવ્યાના અઠવાડીયા પછી તેમની ભોગ બનનાર દિકરીને નવરાત્રીના સમયે તેમની માતાના ઘરે મોકલેલી. કઇ તારીખે મોકલેલી તે હાલ યાદ નથી, પરંતુ છઠ્ઠા નોરતે મોકલેલી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીની ભોગ બનનાર દિકરી મોબાઇલ રાખતી હતી. તા.૧૬/૧૧/૨૦૨૪ ના એકાદ મહિના પહેલાથી તેમની ભોગ બનનાર દિકરી તેમની માતાના ઘરે ગયેલી. તેમની માતાનો ફોન આવ્યો, ત્યારબાદ તેમના પતિ આવ્યા તે પહેલા તેમણે સંબંધીઓમાં તેમની ભોગ બનનાર દિકરી વિશે પુછપરછ કરેલી. તેણીએ સ્વીકારેલ છે કે, તેમની માતાનો ફોન આવ્યો ત્યારે તેમને કોઇના પર શંકા ન હતી. તેણીએ સ્વીકારેલ છે કે, ફરિયાદમાં તેમણે અજાણી વ્યક્તિ તેમની ભોગ બનનાર દિકરીને લઇ ગયેલ છે તેવુ લખાવેલ. તેણીએ સ્વીકારેલ છે કે, બનાવ બન્યાના પાંચેક વર્ષ પહેલા તેમની ભોગ બનનાર દિકરીની સગાઇ કરેલ હતી. તેણીએ સ્વીકારેલ છે કે, બનાવ બન્યો તેના આગલા દિવસે તેમણે તેમની ભોગ બનનાર દિકરી સાથે ફોન પર વાત કરેલી. તેણીએ સ્વીકારેલ છે કે, તેમની ભોગ બનનાર દિકરી ઘરમાં સૌથી મોટી હોઇ ઘરના કામકાજ બાબતે ખબર પડતી હતી. તેણીએ સ્વીકારેલ છે કે, તેમની ભોગ બનનાર દિકરી જતી રહેલી તે તેણીએ તેણીની નજરે જોયેલ નથી. તેણીએ સ્વીકારેલ છે કે, પો.સ્ટે.માં આરોપીઓ

હોવાથી આરોપીઓને તેણીએ ઓળખી બતાવેલ.

(૧૮) વધુમાં, ફરીયાદ પક્ષે સાહેદ નંબર–૭ ભોગ બનનારના પિતાની આંક–પર ની જુબાની ધ્યાને લેતા, બનાવ સમયે તેઓ અમદાવાદ મુકામે રહેતા હતા અને રીક્ષા ડ્રાયવીંગ કરતા હતા. બનાવ સમયે તેમની પત્ની અને તેમના સંતાનો તેમના માતા સાથે તેમના ગામમાં રહેતા હતા. તેમની સાસરી સરવાલ મુકામે થાય છે. તેમની સાસરીમાં તેમની સાસુ સિવાય અન્ય કોઈ વ્યક્તિ નથી. બનાવ તા.૧૬/૧૧/૨૦૨૪ ના રોજ બનેલો. બનાવના દિવસે તેમની પત્નીનો તેમના પર સવારના નવેક વાગે ફોન આવેલો. તેમની પત્નીએ તેમને ફોન પર જણાવેલ કે, તેમની ભોગ બનનાર દિકરી મોસાળમાં ગયેલ હતી અને ત્યાંથી ગુમ થયેલ છે. જેથી તેઓ અમદાવાદથી તેમના ગામે આવેલા. ત્યારબાદ તેઓ, તેમની પત્ની અને તેમના બનેવી તેમની સાસરીમાં સરવાલ મુકામે ગયેલા અને તેમની ભોગ બનનાર દિકરીની તપાસ કરેલી. પરંતુ, તેમની ભોગ બનનાર દિકરી મળી આવેલ નહી. ત્યાં તેમને એવુ જાણવા મળેલ કે, કોઈ મણુંદ ગામના છોકરાના અવારનવાર ફોન આવતા હતા. જેથી તેઓ મણુંદ ગામે તપાસ કરવા ગયેલા. પરંતુ ત્યાં તેમની ભોગ બનનાર દિકરીના કોઈ સમાચાર મળેલ નહી. પછી તેમને મણુંદ ગામે જાણવા મળેલ કે, મણુંદનો એક છોકરો ચાર પાંચ દિવસથી ઘરે હાજર નથી. તેમની ભોગ બનનાર દિકરી મળી ન આવતા તેમની પત્નીએ પો.સ્ટે.માં ફરિયાદ આપેલી. પોલીસ આવેલી અને પોલીસે તેમનું નિવેદન લીધેલુ. ફરિયાદ આપ્યા બાદ પોલીસનો તા.૨૧ ના રોજ તેમના પર ફોન આવેલો અને પો.સ્ટે. ગયેલા. પોલીસે કાર્યવાહી પુર્ણ કરી તેમની ભોગ બનનાર દિકરીનો કબજો તેઓને સુપ્રત કરેલ. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ સ્વીકારેલ છે કે, બનાવના પાંચેક વર્ષ અગાઉ તેમની ભોગ બનનાર દિકરીની સગાઈ નેસડા ગામે કરેલી હતી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ અમદાવાદ રીક્ષા ચલાવે છે અને મહિનામાં એક બે વખત ઘરે આવે છે. તેઓએ સ્વીકારેલ છે કે, બનાવ અંગે તેમને કોઈ જાત માહિતી નથી. તેઓએ સ્વીકારેલ છે કે, બનાવ તેમણે નજરે જોયેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, લોકોના કહેવાથી બનાવની ખબર પડેલી.

(૧૯) વધુમાં, ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર–૧ ડો.ભુમિબેન ખુશાલભાઇ પરમારની આંક–૧૪ ની જુબાની ધ્યાને લેતા, ગઇ તા.૨૨/૧૧/૨૦૨૪ ના રોજ તેઓ સા.આ.કેન્દ્ર, હારીજમાં ઇમરજન્સી વિભાગમાં તેમની ફરજ પર હાજર હતી ત્યારે ભોગ બનનારને બળાત્કાર લગત શારિરિક તપાસણી માટે પોલીસ યાદી સાથે તેમની સમક્ષ લાવતા, ભોગ બનનારની શારિરિક તપાસણી કરતા પહેલા લેખીતમાં સંમતિ કેસ પેપર્સમાં લીધેલી તેમજ ભોગ બનનારને બનાવની હીસ્ટ્રી પુછતા તેણે તેના શબ્દોમાં જણાવેલ કે,"તા.૨૦.૧૧.૨૦૨૪ ના રોજ રાત્રીના અંદાજે અગિયાર વાગે આસપાસ ભોગબનનાર અને આરોપી બંન્ને વ્યક્તિઓને નડીયાદ ખાતે આવેલા ખેતરમાં રહેલ એક ઓરડામાં એકાંતમાં પોતાની સ્વેચ્છાએ શારિરિક સંબંધ બાંધેલ હતો. આના પહેલા તા. ૧૮.૧૧.૨૦૨૪ ના રોજ નડીયાદમાં આવેલ એક વાડીમાં ઓરડીમાં સ્વેચ્છાએ બંન્ને વ્યક્તિએ શારિરિક સંબંધ બાંધેલ હતો. જે અંદાજિત રાત્રીના ૧૨–૦૧ વાગે થયેલ હોવાનુ જણાવેલ. ભોગબનનાર મહિલાના કહેવા મુજબ તેઓનુ સગપણ નાનપણમાં જ બીજી વ્યક્તિ સાથે થયેલ છે. આરોપી(આકાશ) ભોગબનનારના કાકીનો પાડોશી હોવાનુ જણાવેલ. આરોપી અને ભોગબનનાર બંન્ને ભાદરવો ૨૦૨૪ થી પ્રેમસંબંધ છે. ભોગબનનાર મહિલાનુ સગપણ કરણ નામના પુરુષ સાથે નાનપણમાં થયેલ. ભોગબનનાર અને આરોપી પોતાની સ્વેચ્છાએ સૌ પ્રથમ તા. ૧૧.૧૦.૨૦૨૪ ના રોજ શારિરિક સંબંધ બાંધેલ હતો. બંન્ને જણા ઘરેથી ભાગી જવાનો કરાર કરેલ. તા. ૧૫.૧૧.૨૦૨૪ ના રોજ ઘરેથી ભાગીને નડીયાદ સુધી ગાડી અને બસ દ્રારા પહોચેલ હતા. ભોગબનનારના કહેવા મુજબ બધુ તેમની સ્વેચ્છાએ થયેલ હતુ." તેઓએ ભોગ બનનારની કરેલ શારિરિક તપાસણીની વિગતો જણાવેલ છે અને ભોગ બનનારના શરીરે બાહ્ય ઈજાના નિશાનો જણાઇ આવેલ નહી તેમ જણાવેલ છે તેમજ તેઓએ ભોગ બનનારના શરીર પરથી લીધેલ સેમ્પલોની વિગતો જણાવેલ છે અને ભોગ બનનારને ગાયનેક તપાસ માટે ધારપુર હોસ્પીટલ રીફર કરેલી હોવાનું જણાવી આંક–૧૫ થી આંક–૧૮ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. વધુમાં, તે જ દિવસે સાંજના ૦૫.૨૫ વાગે આરોપી આકાશ ઉર્ફે અકુ રસીકભાઇ રાવળને બળાત્કાર લગત શારિરિક તપાસણી માટે પોલીસ યાદી સાથે તેમની સમક્ષ

લાવતા, આરોપીની શારિરિક તપાસણી કરતા પહેલા લેખીતમાં સંમતિ કેસ પેપર્સમાં લીધેલી તેમજ આરોપીએ તેમની રૂબરૂ આપેલી હિસ્ટ્રીની નોંધ કરેલી હોવાનું જણાવી તેઓએ આરોપીની કરેલ શારીરિક તપાસણીની વિગતો જણાવેલ છે તેમજ આરોપીના લીધેલ નમુનાની વિગતો જણાવી, આરોપી શારિરિક સંભોગ કરવા માટે સક્ષમ હોવાનો અભિપ્રાય આપેલ છે અને આંક–૧૯ અને આંક–૨૦ વાળા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. બચાવપક્ષની ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારે તેમની સમક્ષ બળજબરી થયેલ હોય તેવુ લખાવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર અને આરોપીના શરીરે બાહ્ય ઈજાના નિશાનો જણાઈ આવેલ નહી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર તેમની સમક્ષ લાવેલ ત્યારે તે માનસિક સ્વસ્થ હતી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારની ઉંમર અંગે તેમણે કોઈ તપાસણી કરેલ નથી.

(૨૦) વધુમાં, ફરીયાદ પક્ષે સાહેદ નંબર–૩ ડો.તપોવનસિંહ ગમસિંહભાઈ નાયકાની આંક–૨૪ ની જુબાની ધ્યાને લેતા, તેઓ ગઈ તા.૨૩/૧૧/૨૦૨૪ ના રોજ ધારપુર હોસ્પીટલમાં ઈમરજન્સી વિભાગમાં તેમની ફરજ પર હાજર હતા ત્યારે ભોગ બનનારને બળાત્કાર લગત શારિરિક તપાસણી માટે પોલીસ યાદી સાથે તેમની સમક્ષ લાવતા, ભોગ બનનારની શારિરિક તપાસણી કરતા પહેલા લેખીતમાં સંમતિ કેસ પેપર્સમાં લીધેલી તથા તેણીના શરીરે ઓળખના ચિન્હોની નોંધ કરેલી તેમજ ભોગ બનનારને બનાવની હીસ્ટ્રી પુછતા તેણીએ તેણીના શબ્દોમાં જણાવેલ કે, "તારીખ ૧૫ નવેમ્બર ૨૦૨૪ ના રોજ હુ અને આકાશ રસીકભાઈ રાવળ બપોરે ત્રણ સાડા ત્રણ વાગ્યા જેવુ ગાડીમાં બેસીને મહેસાણા ગયા ત્યારબાદ ત્યાંથી અમદાવાદ થઈને નડીયાદ ગયા નડીયાદમાં એક રાત બસ સ્ટેન્ડમાં રોકાયા ત્યારબાદ બે દિવસ મંદીરમાં રોકાયા અને ચાર દિવસ સગાને ત્યાં રોકાયા આ દિવસો દરમ્યાન અમે બે દિવસ તારીખ ૧૮ નવેમ્બર ૨૦૨૪ અને ૨૦ નવેમ્બર ૨૦૨૪ ના રોજ મારી સંમતીથી અને એ પણ જબરજસ્તી વગર શારીરિક સબંધ બાંધ્યા છે આ બંને સંભોગ દરમ્યાન અમે નિરોધનો ઉપયોગ કરેલ છે ત્યારબાદ ગઈ કાલે સવારે તારીખ ૨૨ નવેમ્બર ૨૦૨૪ ના રોજ પોલીસે

અમને ઘરે લઇ આવેલી." વધુમાં, તેઓએ ભોગ બનનારની કરેલ શારીરિક તપાસણીની વિગતો જણાવેલ છે અને ગુપ્ત ભાગે દેખીતી રીતે જોઇ શકાય તેવા ઈજાના ચિન્હો તેમજ વિર્ય અને લોહીના ડાઘ જણાઈ આવેલ નહીં તેમ જણાવેલ છે તેમજ ભોગ બનનારના શરીર પરથી લીધેલ સેમ્પલોની વિગતો જણાવેલ છે. વધુમાં, તેઓએ ભોગ બનનારને ગાયનેકોલોજીસ્ટ ડો.મુકુંદ પટેલ સમક્ષ મોકલી આપતા, ગાયનેકોલોજીસ્ટ ડો.મુકુંદ પટેલનાઓએ ભોગ બનનારની તપાસણી કર્યા બદલ કેસ પેપર્સમાં તાજેતરમાં ભોગ બનનાર સાથે શારિરિક સંભોગ થયેલાનુ નકારી શકાય નહી અને હાઇમેન જુનુ તુટેલ હોવાનો અભિપ્રાય આપેલો હોવાનું જણાવેલ છે તેમજ ભોગ બનનારને મનોચિકીત્સક ડો.નિશા પ્રજાપતી સમક્ષ રીફર કરતા, તેઓએ ભોગ બનનારની માનસિક સ્થિતિ નોર્મલ હોવાનો અભિપ્રાય આપેલો તેમજ ભોગ બનનારને ડેન્ટીસ્ટ ડો.મિત્તલ પંચાલ સમક્ષ રીફર કરતા, તેઓએ ભોગ બનનારની ઉમર અંગે તપસાણી કરેલી અને તેઓની તપાસણી મુજબ ભોગ બનનારની ઉંમર આશરે ૧૪ થી ૧૫ વર્ષની ઉંમર હોવાનો અભીપ્રાય આપેલો હોવાનું જણાવી આંક–૨૫ થી આંક–૨૯ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારના શરીરે કોઇ આંતરિક કે બાહ્ય ઈજાના નિશાનો જણાઇ આવેલા નહી તથા ભોગ બનનાર માનસિક સ્વસ્થ હાલતમાં હતા. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓની હોસ્પિટલમાં ભોગ બનનારનના સેમ્પલો તેમની હાજરીમાં લેવાયેલા નહી. તેઓએ સ્વીકારેલ છે કે, તેમણે ડેન્ટીસ્ટનો અભ્યાસ કરેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેમણે ભોગ બનનારની ઉંમર અંગે કોઇ તપાસ કરેલ નહી કે ઉંમર અંગે તેઓ અભિપ્રાય આપી શકે નહી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારે તેની સાથે બળજબરી થયેલ હોય તેવી કોઇ હિસ્ટ્રી તેમની સમક્ષ આપેલી નહી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારના શરીરનો બાંધો જોતા તે પુખ્ત વયની હોઇ શકે.

**(૨૧)** વધુમાં, ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર–૪ પંચ રૂત્વીક નરેશભાઇ સુરેલાની આંક–૩૦ ની જુબાની ધ્યાને લેતા, ગઇ તા.૨૨/૧૧/૨૦૨૪ ના રોજ તેમના નાયબ કાર્યપાલક ઈજનેર સાહેબશ્રીએ

તા.૨૨/૧૧/૨૦૨૪ ના રોજ તથા ૨૬/૧૧/૨૦૨૪ ના રોજ હારીજ પો.સ્ટેમાં જવા માટે તેમને અને ધારાબેન રજનીકાંત પટેલને સુચના કરેલ. જે અનુસંધાને તેઓ તથા ધારાબેન ૨૨/૧૧/૨૦૨૪ ના રોજ આશરે ચૌદ કલાકે હારીજ પોલીસ સ્ટેશનામાં ગયેલા. જ્યાં આ કામના ભોગ બનનાર હાજર હતા અને પોલીસે તેઓને પંચનામાં રહેવા બાબતે પુછતા તેઓ બંન્નેએ પંચમાં રહેવા સમંતી આપેલી. ત્યાં એક ભોગ બનાનર બહેન તથા તેમની માતા હાજર હતા અને ભોગ બનનનારે બનાવ સમયે પહેરેલા કપડા રજુ કરવાના હોઈ તથા ભોગ બનનારે શરીરે ઈજા થયેલી છે કે, નહી તેનુ પંચનામુ કરવાનુ હતુ. ત્યારબાદ ભોગ બનનારને શરીરે ઈજા છે તે જોવા સારુ એક અગલ રુમમાં તેમની સાથેના ધારાબહેન અને એક મહિલા પોલીસ કર્મચારી લઈ ગયેલા અને ત્યાં તેઓએ ભોગ બનનનારના શરીરે કોઈ બાહ્ય ઈજા થયેલી નથી તે બાબતની ચકાસણી કરેલી અને બહાર આવીને તેઓ બધાને જણાવેલ. ભોગ બનનારે કપડા રજુ કરેલા. તેમાં એક ગાજર કલરનુ કલરનુ ટોપ અને તેમાં વાઈટ એમ્ટોડરી હતી. ત્રણ કલરનો પાયજામો હતો. એક ક્રિમ કલરનો દુપટ્ટો હતો અને તેમાં લાલ અને કાળા ટપકા હતા અને એક મરુન કલરનો જાંગીયો હતો અને લાલ કલરની બ્રા હતી. ત્યારબાદ કાપડની થેલીમાં અલગ અગલ મુકી સોય દોરાથી સીવી લઈ સીલ કરેલુ અને પંચોની સહી વાળી કાપલી મુકેલી અને પંચનામુ લખી લીધેલુ અને તેમાં પંચ.૧ તરીકે તેમની સહી તથા પંચ.૨ તરીકે ધારાબહેન રજનીજકાંત પટેલની સહી હોવાનું જણાવી આંક–૩૧ થી પંચનામું રજુ કરેલ છે તેમજ મુદ્દામાલ આર્ટીકલ નં.૧ થી ૫ ના કપડા સીલ ખોલી બતાવતા ઓળખી બતાવેલ છે તથા અનુક્રમે આંક–૩૨ થી આંક–૩૬ ની પંચ સ્લીપો ઉપરની પોતાની તથા બીજા પંચ ધારાબેનની સહીઓ ઓળખી બતાવેલ છે. વધુમાં, સદર સાહેદના જણાવ્યા મુજબ, તે જ દિવસે આ પંચનામુ પુરુ થયા બાદ પોલીસે આરોપીના કપડા રજુ કરવાનુ પંચનામુ કરવાની સમજ કરતા તેઓએ સંમતિ આપેલી. તે વખતે પો.સ્ટે.માં એક ઈસમ હાજર હતો તેણે આકાશભાઈ રસીકભાઈ પોતાનુ નામ જણાવેલ અને તેણે બનાવ સમયે પહેરેલ કપડા રજુ કરેલા અને તે જોતા એક પીસ્તા કલરની ટી શર્ટ તથા કાળા કલરની નાઈટી હતી. ત્યારબાદ કાપડની થેલીમાં અલગ અગલ મુકી સોય દોરાથી સીવી લઈ સીલ કરેલુ અને પંચોની

સહી વાળી કાપલી મુકેલી અને પંચનામુ લખી લીધેલુ અને તેમાં પંચ.૧ તરીકે તેમની સહી તથા પંચ.૨ તરીકે ધારાબહેન રજનીજકાંત પટેલની સહી હોવાનું જણાવી આંક–૩૭ થી પંચનામું રજુ કરેલ છે તેમજ મુદ્દામાલ આર્ટીકલ નં.૬ અને ૭ ના કપડા સીલ ખોલી બતાવતા ઓળખી બતાવેલ છે તથા અનુક્રમે આંક–૩૮ અને આંક–૩૯ ની પંચ સ્લીપો ઉપરની પોતાની તથા બીજા પંચ ધારાબેનની સહીઓ ઓળખી બતાવેલ છે. વધુમાં, સદર સાહેદના જણાવ્યા મુજબ, તા.૨૬/૧૧/૨૦૨૪ ના રોજ બપોરના ૧૩–૪૦ વાગે પોલીસે તેમને પો.સ્ટે. બોલાવેલ અને તે વખતે તેઓ અને ધારાબહેન પો.સ્ટે. ગયેલા અને તે વખતે પો.સ્ટે.માં સાહેદે ગુનામાં વાપરેલ વેગન–આર ગાડી લાવીને રજુ કરવા માગતા હોઇ, તે બાબતનુ પંચનામુ કરવાની સમજ કરતા તેઓએ સંમતિ આપેલી અને તે વખતે હાજર સાહેદે એક મારુતી સુઝીકી કંપનીની વેગન–આર ગાડી જેનો રજી.નં.એમએચ–૨–બીડી–૪૫૮૦ નો હતો. જે ગાડીના એન્જીન નંબર અને ચેસીસ નંબરની પંચનામામાં નોંધ કરેલી અને આ ગાડી પોલીસે તપાસ અર્થે કબજે કરેલ અને તે બાબતનુ પંચનામુ કરેલ. જેમાં પંચ.૧ તરીકે તેમની સહી તથા પંચ.૨ તરીકે ધારાબહેન રજનીજકાંત પટેલની સહી ઓળખી બતાવી આંક–૪૦ થી પંચનામું રજુ કરેલ છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, બચાવપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**(૨૨)** વધુમાં, ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર–૮ પંચ વિજયકુમાર હંસરાજભાઇની આંક–૫૪ ની જુબાની ધ્યાને લેતા, તા.૨૫/૧૧/૨૦૨૪ ના રોજ તેઓ તેમની એસ.એલ.આર. કચેરી નડીયાદ ખાતે સિનિયર સર્વેયર તરીકે ફરજ ઉપર હાજર હતા, ત્યારે તેમના ઉપરી અધિકારીશ્રીની મૌખિક સુચનાથી તેઓ તથા તેમના સાથી કર્મચારી ઝલક રમેશભાઇ પટેલ નડીયાદ રુરલ પો.સ્ટેમાં પંચમાં રહેવા જણાવતા, તેઓ બન્ને પંચમાં હાજર થયેલા. ત્યાં પો.સ્ટેમાં હાજર થઇ પોલીસ અધીકારીને તેઓની ઓળખાણ આપીને પંચમાં રહેવા સારુ સંમતી આપેલી. તે વખતે પોલીસ પાસે એક ઇસમ હાજર હોઇ તેનુ નામ પુછતા તેને નામ અકુ ઉર્ફે આકાશ રસીકભાઇ રાવળ હોવાનુ જણાવેલ અને ગુનાવાળી જગ્યા બતાવતા આરોપી તથા પોલીસના માણસો

તથા બે પંચો સરકારી વાહનમાં બેસી તેના બતાવ્યા મુજબ સંતરામ મંદિર સંચાલીત અતિથી નિવાસ આવતા વાહન ઉભુ રાખવાનુ જણાવી નીચે ઉતરી આગળ ચાલી રુમ નં.૨૬ માં લઇ ગયેલ અને તે જગ્યા ૧૦ બાય ૨૦ નો રુમ હતો. જેનુ રુમની અંદરની વિગતો પંચનામામાં દર્શાવેલ. ત્યારબાદ ત્યાંથી એક્સપ્રેસ હાઇવે તરફ જવાના રસ્તામા મરીડા ગામે લઇ ગયેલ. જ્યાં મેલડી માતાના મંદિરની સામે એસ આર.પી.ગ્રુપના ફાયરીંગ બર્ડ પાસેથી આગળ લાકડા તથા તારના દરવાજા વાળુ એક ઘર અને ખેતર આવેલુ. જ્યાં એક રુમ અને ઓસરીવાળુ પાકુ મકાન હતુ. જે જગ્યા આરોપીએ બતાવતા પણ તે જગ્યાનુ વિગતવારનુ વર્ણન ચતુર્સીમા સહિતની વિગતો પંચનામામાં દર્શાવેલ. તે પંચનામુ વાંચી સંભળાવી તેમની તથા બીજા પંચ ઝલકબેનની સહીઓ ઓળખી બતાવી આંક–૫૫ થી પંચનામું રજુ કરેલ છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, બચાવપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

(૨૩) વધુમાં, ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર–૯ એ.એસ.આઇ. હિતેશભાઇ જયંતિભાઇ વાણીયાની આંક–૫૬ ની જુબાની ધ્યાને લેતા, ગઇ તા.૧૯/૧૧/૨૦૨૪ ના રોજ તેઓ હારીજ પો.સ્ટે.માં પી.એસ.ઓ.તરીકે તેમની ફરજ પર હાજર હતા. ત્યારે આ કામના ફરિયાદી તેમની સમક્ષ આવી તેમની ફરિયાદ હકીકત જાહેર કરતા તેમણે તેઓના લખાવ્યા મુજબ ફરિયાદ હકીકત લખી લીધેલ અને તે તેમને વાંચી સંભળાવતા તે ખરી હોઇ તેઓએ તેમાં તેમની સહી કરેલી અને રૂબરૂ તરીકે તેમણે તેમની સહી કરેલી. જે આંક–૪૯ થી રજુ છે તે છે. ત્યારબાદ સદર ફરિયાદ હારીજ પો.સ્ટે.ગુ.ર. નં.૧૧૨૧૭૦૦૯૨૪૦૮૩૭/૨૦૨૪ થી બી.એન.એસ.એસ.ની કલમ–૧૩૭(૨) મુજબનો ગુનો દાખલ કરી આગળની તપાસ પી.આઇ. સા.નાઓને ડેપ્યુટ હુકમ સાથે મોકલી આપેલી હોવાનું જણાવી આંક–૫૭ અને આંક–૫૮ વાળા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ સ્વીકારેલ છે કે, ફરિયાદ દાખલ કર્યા સિવાય બીજી કોઇ કાર્યવાહી તેમણે કરેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ફરિયાદ ત્રણેક દિવસ બાદ તેમની સમક્ષ જાહેર કરેલ છે.

તેઓએ સ્વીકારેલ છે કે, ફરિયાદ મોડી આપવા બદલ ફરિયાદીએ કોઇ ખુલાસો કરેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ફરિયાદવાળા બનાવ અંગે તેમને કોઇ જાત માહિતી નથી. ફરિયાદ આપી ત્યારે ફરિયાદીએ ભોગ બનનારનો જન્મનો દાખલો તથા શાળાના પરિણામની નકલ બતાવેલ, પરંતુ રજુ કરેલ નહી. તેઓએ સ્વીકારેલ છે કે, ફરિયાદીએ કોઇ આરોપીનુ નામ તેમની સમક્ષ જાહેર કરેલ ન હતુ.

**(૨૪)** વધુમાં, ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર–૧૦ પી.એસ.આઇ. કેશરભાઇ ભીખાભાઇ દેસાઇની આંક–૫૯ ની જુબાની ધ્યાને લેતા, સને ૨૦૨૪ માં તેઓ હારીજ પો.સ્ટે.માં પી.એસ.આઇ.તરીકે તેમની ફરજ પર હાજર હતા. હાલના ગુનાની તપાસ પી.આઇ. શાહ સા.નાઓ સંભાળતા હતા. તપાસના કામે મુખ્ય આરોપી પકડતા તેણે ભોગ બનનાર સાથે જે જગ્યાએ દુષ્કર્મ કરેલ તે જગ્યા સ્વેચ્છાએ બતાવવા માગતો હોઇ, તેથી તેઓ આરોપીને લઇ નડીયાદ ગયેલ અને ત્યાં બે સરકારી પંચોની હાજરીમાં આરોપીના બતાવ્યા મુજબની દુષ્કર્મ વાળી જગ્યાનુ પંચનામુ કરેલ. જે આંક–૫૫ થી રજુ છે તે છે. તેમણે તપાસના કામે તે જગ્યાની આજુબાજુના સાહેદોના નિવેદનો લીધેલા. તપાસના કામે ગુનામાં ઉપયોગ થયેલ વાહન સાહેદ રજુ કરતા પંચોની હાજરીમાં પંચનામાની વિગતે મુદ્દામાલ વાહન કબજે કરેલ. જે આંક–૪૦ થી રજુ છે તે છે. ત્યારબાદ તેમણે કરેલ તપાસના કાગળો તથા આરોપી પી.આઇ.સા.નાઓને સુપ્રત કરેલા. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, સદર સાહેદે બચાવપક્ષ દ્વારા પુછવામાં આવેલ સૂચક પ્રશ્નોનો ઇન્કાર કરેલ છે.

**(૨૫)** વધુમાં, ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર–૧૧ પી.આઇ. નિરવકુમાર અમૃતલાલ શાહની આંક–૬૧ ની જુબાની ધ્યાને લેતા, તા.૧૯/૧૧/૨૦૨૪ ના રોજ તેઓ હારીજ પો.સ્ટે.માં પી.આઇ.તરીકે તેમની ફરજ પર હાજર હતા. ત્યારે હાલના ગુનાની તપાસ પી.એસ.ઓ.એ ડેપ્યુટ હુકમથી તેમની સમક્ષ મોકલી આપતા તેમણે તપાસ સંભાળી લીધેલ. તપાસના કામે ફરિયાદીની ફરિયાદ તથા તે લગત કાગળો વંચાણે લઇ

તપાસથી વાકેફ થયેલ. તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ. ભોગ બનનાર અને આરોપીની તપાસમાં રહેલા. ભોગ બનનાર અને આરોપી મળી આવતા તેઓને પો.સ્ટે.લાવેલ. તપાસના કામે ભોગ બનનારનુ નિવેદન લીધેલ. ભોગ બનનાર અને આરોપીના બનાવ સમયે પહેરેલ કપડા બે પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કબજે કરેલ. ભોગ બનનારની જન્મ તારીખનુ પ્રમાણપત્ર મેળવી કામમાં સામેલ રાખેલ. કલમ વધારા માટે નામદાર કોર્ટમાં રીપોર્ટ કરેલ. ભોગ બનનાર અને આરોપીની મેડીકલ તપાસણી કરાવવા સારુ તજવીજ કરેલી. ભોગ બનનારનુ બી.એન.એસ. એસ.ની કલમ–૧૮૩ નુ નિવેદન લેવડાવવા સારુ નામદાર કોર્ટમાં રીપોર્ટ કરેલ. મુખ્ય આરોપીને નામદાર કોર્ટમાં રજુ કરી રીમાન્ડ મેળવવા કાર્યવાહી કરેલી. રીમાન્ડ મંજુર થતા આરોપીનો કબજો સંભાળી લીધેલ. તપાસના કામે તેઓના પો.સ્ટે.ના પી.એસ.આઇ.દેસાઇ સા.નાઓને આરોપી સાથે ગુનાવાળી જગ્યાએ તપાસ અર્થે મોકલી આપેલ અને તેઓ બનાવવાળી જગ્યાએ જઇ પંચનામુ તથા સાહેદોના નિવેદનો લઇ તથા ભોગ બનનારે નડીયાદની આયુર્વેદિક હોસ્પીટલમાં સારવાર મેળવેલી તેના કાગળો માટેની યાદી તથા સાધનીક કાગળો મેળવી પરત પો.સ્ટે. આવતા તેમને કાગળો આપતા તેમણે તપાસ સંભાળી લીધેલી. તપાસના કામે સહઆરોપી અક્ષયનુ નામ ખુલતા તેની તપાસ કરતા તે મળી આવતા તેને અટક કરી નામદાર કોર્ટમાં મોકલી આપેલ. કબજે કરેલ મુદ્દામાલ એફ.એસ.એલ. તરફ રવાનગી ફોર્મ ભરી મોકલી આપેલ. એફ.એસ.એલ.માંથી પાવતી આવતા કામમાં સામેલ રાખેલ. સમગ્ર તપાસના અંતે આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો પડતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાનું જણાવી આરોપીઓને ઓળખી બતાવેલ છે તેમજ આંક–૬૨ થી આંક–૭૨ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, સદર સાહેદે બચાવપક્ષ દ્વારા પુછવામાં આવેલ સૂચક પ્રશ્નોનો ઈન્કાર કરેલ છે.

(૨૬) આમ, ઉપરોકત સમગ્ર પુરાવો ધ્યાને લેતા, આ કામે તપાસેલ સાહેદ નંબર–૬ ભોગ બનનારની આંક–૫૦ ની જુબાની ધ્યાને લેતા, ભોગ બનનાર આરોપીને ભાદરવા મહિનાની બીજના દિવસે તેણીના કાકીના

પિયરમાં રામાપીરનો પાઠ રાખેલ ત્યાં રાત્રે ભજન કિર્તન ચાલતુ હતુ તે દરમ્યાન મુલાકાત અને ઓળખાણ થયેલી અને બંનેએ વાતચીત કરેલી તથા ફોન નંબરની આપ–લે કરેલી અને ત્યારબાદ તેણી અમદાવાદ જતી રહેલી અને અવાર નવાર ફોન ઉપર વાતચીત કરતા હતા. સને–૨૦૨૪ માં નવરાત્રીમાં તેણી પોતાની નાનીના ઘરે આવેલ, ત્યારે તેણી બિમાર પડી ગયેલ. જેથી તેણીએ આરોપી આકાશને દવાખાને બતાવવા માટે ફોન કરેલ અને ભોગ બનનાર તથા તેણીના નાની પાટણ તથા સંડેર દવાખાને ગયેલા. જયાં સોનોગ્રાફી કરાવતા આંતરડામાં ઇન્ફેકશન હોવાનું ડોકટરશ્રીએ કરેલ. દવાથી ફેર ન પડતા આકાશ સાથે ભોગ બનનાર નડીયાદ દવાખાને ગયેલી અને ત્યાં દવા કરાવેલી અને ત્યાંજ આકાશ સાથે રોકાયેલી. બનાવના દિવસે બપોરના સમયે ભોગ બનનારની નાની ઘરે ન હતી અને બપોરના ૩–૩૦ વાગે આકાશ અને તેનો ભાઇ બંધ અક્ષય ગાડી લઇને આવેલા. તે ગાડીમાં તેઓ નડીયાદ જવા માટે નીકળેલા અને મહેસાણા આવતા ભોગ બનનાર અને આકાશ ગાડીમાંથી ઉતરી ગયેલા અને અક્ષય ગાડી લઇને જતો રહેલો અને તે વખતે અક્ષયે આકાશને રૂપિયા પચાસ હજાર આપેલા અને બાદ તેઓ એસ.ટી.બસમાં નડીયાદ ગયેલા અને તે વખતે આકાશનો મોબાઇલ, પાકીટ તથા પૈસા બસમાં ખોવાઇ ગયેલા. જે મળેલા નહીં અને રાત્રે તેઓ બોરસદ મુકામે રોકાયેલા. બીજા દિવસે સવારે નડીયાદ આયુર્વેદિક દવાખાને આવેલા અને ડોકટરને તેમની પાસે પૈસા ન હોવાનું જણાવતા, ડોકટરે રાહત થાય તેવી દવા આપેલી અને નડીયાદમાં સમાજના એક ભાઇ મળતા તેમણે રૂમ ભાડે આપેલો. તે રૂમમાં તેઓ ત્રણ દિવસ રોકાયેલા. તે વખતે તેઓએ પહેલી વાર રાત્રે બારેક વાગે શરીર સંબંધ બાંધેલો. આકાશે ભોગ બનનાર સાથે કોઇ જબરજસ્તી કરેલ હોય તેવુ બનેલ નથી. તે રાત્રે તેઓ વચ્ચે બે વખત શરીર સંબંધ બંધાયેલો. બીજા દિવસે તેઓ તેમના સમાજના ભાઇના મામાના ઘરે ગયેલા. જે ખેતરમાં રહેતા હતા. ત્યાં બે ઓરડીઓ હતી. જે પૈકી એકમાં તેઓ રોકાયેલા. તે વખતે ફરીથી ભોગ બનનાર અને આકાશ વચ્ચે શરીર સંબંધ બંધાયેલો. તે વખતે આકાશે તેણીની સાથે કોઇ ધમકી આપી જબરજસ્તી કરેલ નથી. બાદ રાત્રે બંને ઓરડીમાં સુતેલા હતા ત્યારે પોલીસ આવેલી અને પો.સ્ટે. લઇ ગયેલ હોવાનું જણાવેલ છે. ભોગ બનનારે આંક–૫૧ થી રજુ

કરેલ બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ નું નિવેદન વંચાણે લેતા, તેમાં પણ ઉપરોકત હકકીતને દોહરાવેલ છે તેમજ ભોગ બનનારના નાની પણ ભોગ બનનાર અને આરોપીના સંબંધ વિશે જાણતા હતા તેવી હકીકત સદર નિવેદનમાં જણાવેલી છે. વધુમાં, ભોગ બનનારના પિતા બિમાર પડેલ. જેથી તેણીના પિતા તેણીના લગ્નની વાત કરતા હોઇ, જેથી તેણીએ આકાશને તે વાત કરેલ અને આકાશે કહેલ કે, વાંધો નહીં, તારા મમ્મી પપ્પાને પછી વાત કરીશું. પછી ભોગ બનનાર બિમાર પડી ગયેલી. તે પછી તેણીએ આરોપી આકાશને કહેલ કે, તું મને લઈ જા, નહીંતર હું દવા પીને મરી જઇશ. ત્યારબાદ બીજા દિવસે સાડા ત્રણ વાગે નડીયાદ તરફ ગયેલ હોવાની હકીકતો દોહરાવેલ છે. સદર નિવેદનમાં પણ આરોપી સાથે શરીર સંબંધ બંધાયેલ તે તેણીની મરજીથી બંધાયેલ અને આરોપી આકાશે તેણીની સાથે કોઈ જબરજસ્તી કરેલ નથી તેવી હકીકતો જણાવેલ છે. વધુમાં, સાહેદ નંબર–૧ ડો.ભુમિબેન પરમારની આંક–૧૪ ની જુબાની ધ્યાને લેતા, તેઓ સમક્ષની હિસ્ટ્રીમાં પણ ભોગ બનનારે આરોપી સાથે ૨૦૨૪ ના ભાદરવા માસથી પ્રેમ સંબંધ હોવાનું અને બંને જણાએ ઘરેથી ભાગી જવાનો કરાર કરેલ હોવાનું જણાવેલ છે તેમજ આરોપી અને ભોગ બનનાર વચ્ચે સૌપ્રથમ તા.૧૧/૧૦/૨૦૨૪ ના રોજ શારીરિક સંબંધ બંધાયેલ હોવાનું તેમજ નડીયાદમાં રોકાયેલ ત્યારે પણ આરોપી અને ભોગ બનનાર વચ્ચે સ્વેચ્છાએ શારીરિક સંબંધ બંધાયેલ હોવાનું અને આ બધુ ભોગ બનનારના કહેવા મુજબ તેણીની સ્વેચ્છાએ થયેલ હતુ તેવુ હિસ્ટ્રીમાં જણાવેલ છે. વધુમાં, આરોપી તરફેની ઉલટતપાસમાં પણ સાહેદે સ્વીકારેલ છે કે, ભોગ બનનારે તેઓ સમક્ષ બળજબરી થયેલ હોય તેવુ લખાવેલ નથી. ભોગ બનનાર અને આરોપીના શરીરે બાહ્ય ઈજાના નિશાન ન હતા તેમજ ભોગ બનનારને તેમની સમક્ષ લાવેલ ત્યારે તેણી માનસિક રીતે સ્વસ્થ હતી તેવી હકીકતો સ્વીકારેલ છે. વધુમાં, સાહેદ નંબર–૩ ડો.તપોવનસિંહ નાયકાની આંક–૨૪ ની જુબાની જોતા, તેઓ સમક્ષની હિસ્ટ્રીમાં પણ ભોગ બનનાર આરોપી સાથે પોતાની સ્વેચ્છાએ ગયેલ હોવાનું અને સંમતિથી અને કોઈપણ જાતની જબરજસ્તી વગર શરીર સંબંધ બાંધ્યા હોવાની હકીકતો હિસ્ટ્રીમાં લખાવેલ છે તેમજ ઉલટતપાસ જોતા તેમાં પણ ભોગ બનનારના શરીરે કોઈ આંતરિક કે

બાહય ઈજાઓ ન હતી અને ભોગ બનનાર સ્વસ્થ હાલતમાં હતા તેવી હકીકતો સાહેદે સ્વીકારેલ છે. વધુમાં, સાહેદ નંબર–૫ ભોગ બનનારના માતાની આંક–૪૮ ની તથા સાહેદ નંબર–૭ ભોગ બનનારના પિતાની આંક–૫૨ ની જુબાનીઓ ધ્યાને લેતા, તેઓએ બનાવ નજરે જોયેલ નથી તેવી હકીકત સ્પષ્ટપણે જણાઈ આવે છે. આમ, ઉપરોકત પુરાવા જોતા, ભોગ બનનાર અને આરોપી વચ્ચે પ્રેમ સંબંધ હોવાનું અને ભોગ બનનાર અને આરોપી વચ્ચેના સંબંધની જાણ ભોગ બનનારના નાનીને હોવાનું તથા ભોગ બનનાર બિમાર થતા તેણીને સારવાર માટે આરોપી લઈ ગયેલ હોવાનું રેકર્ડ ઉપરના પુરાવાથી જણાય છે. વધુમાં, ભોગ બનનાર આરોપી સાથે પોતાની સ્વેચ્છાએ અને રાજીખુશીથી ગયેલ હોવાનું અને આરોપી સાથે ભોગ બનનારે પોતાની મરજીથી, સ્વેચ્છાએ અને રાજીખુશીથી શરીર સંબંધ બાંધેલ હોવાનું પણ રેકર્ડ ઉપરના પુરાવાથી સ્પષ્ટપણે જણાઈ આવે છે.

(૨૭) વધુમાં, આ કામે અનુક્રમે આંક–૩૧, આંક–૩૭ અને આંક–૪૦ ના પંચનામાઓના પંચ સાહેદ રૂત્વીક નરેશભાઈ સુરેલા સાહેદ નંબર–૪ ની આંક–૩૦ ની જુબાની ધ્યાને લેતા, તેઓએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ છે. તેજ રીતે, આંક–૫૫ ના પંચનામાની હકીકતને સાહેદ નંબર–૮ પંચ વિજયકુમાર હંસરાજભાઈનાઓએ તેમની આંક–૫૪ ની જુબાનીમાં તથા સાહેદ નંબર–૯ એ.એસ.આઈ. હિતેશભાઈ જયંતિભાઈ વાણીયાની આંક–૫૬ ની તથા સાહેદ નંબર–૧૦ પી.એસ.આઈ. કેશરભાઈ ભીખાભાઈ દેસાઈએ તેમની આંક–૫૯ ની જુબાનીમાં તથા સાહેદ નંબર–૧૧ પી.આઈ.નિરવકુમાર અમૃતલાલ શાહે આંક–૬૧ ની જુબાનીમાં ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન આપેલ છે. પરંતુ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ, ભોગ બનનાર અને આરોપી વચ્ચે પ્રેમ સંબંધ હોવાનું અને તેણી આરોપી સાથે પોતાની સ્વેચ્છાએ અને રાજીખુશીથી ગયેલ હોવાનું અને આરોપી સાથે ભોગ બનનારે પોતાની મરજીથી, સ્વેચ્છાએ અને રાજીખુશીથી શરીર સંબંધ બાંધેલ હોવાનું રેકર્ડ ઉપરના પુરાવાથી સ્પષ્ટપણે જણાઈ આવતુ હોઈ, પરંતુ મુદ્દા નંબર–૧ માં ચર્ચા કર્યા મુજબ, બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હોવાનું વ્યાજબી શંકા રહિત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષન

નિષ્ફળ ગયેલ હોઇ, તે સંજોગોમાં ઉપરોકત પુરાવો ફરીયાદ પક્ષને મદદરૂપ થતો નથી. વધુમાં, નામદાર ગુજરાત હાઇકોર્ટના **2023(0) AIJEL-HC 247806 (Hon'ble Gujarat High Court) Dashrathbhai Parubhai Bhabhor V. State of Gujarat** નો ચુકાદો માનપૂર્વક વંચાણે લેતા, જેમાં નીચે મુજબ જણાવેલ છે.

34. Considering the evidence of the prosecutrix, it clearly reveals that the victim was having physical relationship with the accused before two years of the incident and at the time of registration of the FIR, the victim carried food four months pregnancy and thereafter, after due date she delivered a baby boy and at present the baby boy with the victim and parents of the victim, Though the defence has tried to raise suspicion with regard to animosity and the fact with regard to inter relationship between the accused and victim, but there was no material produced by the prosecution with lead to come to the conclusion at there is any reason with regard to animosity or any other reason and, therefore, the Trial Court has not considered those aspects while appreciating the evidence at the time of deciding the case against the accused. Apparently, no exercise was carried out by the prosecution to establish that the victim was minor on the date of occurrence by following the procedure prescribed under the law and in light of reasoning put-forth. **There are various decisions of the Honorable Apex Court and this Court with regard to prove the age of the victim and well established law. That evidence of approximate age of the victim would not be sufficient to come to the conclusion about the exact age of the victim.**

35. From the record, it appears that the prosecution has tried to established the age of the victim by producing birth certificate through the deposition of the father wherein he has deposed that his brother-in-law has registered the birth of the victim, but the prosecution has not examined such person from the authority and, therefore, without examining the side person, the prosecution cannot establish the age of the victim beyond reasonable doubt. The prosecution side has neither collected the school living certificate from the school nor from the Secondary Board Examination and has not produced record from the school

to establish the birth certificate of the victim to establish the age of the victim before the Trial Court. On the contrary P.W. 2 in his first version before the police has stated that the birth date of the victim is 28.08.1999 and in his deposition before the Trial Court, he has stated the date of the victim is 30.06.1999. So, the P.W. 2 is not sure with regard to the date of birth of the victim and by merely producing the birth certificate, the date of the victim cannot be said to be proved by the prosecution by leading any cogent and material evidence. On perusal of the statement recorded under section 164 of the victim, it is crystal clear that the testimony adduced before the Trial Court is inconsistent with the statement recorded under section 164 which fact is not supported the story of the prosecution in any manner. So far as quality of the evidence is concerned, when such cogent and convincing evidence is available with the Investigating Authority, however the same was not collected and even produced before the Trial Court. Therefore, the benefit of the doubt is required to be given to the accused.

આમ, ઉપરોકત સમગ્ર પુરાવો ધ્યાને લેતા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટનો ઉપરોકત ચુકાદો વંચાણે લેતા, હાલના કેસમાં પણ ભોગ બનનાર સગીર વયના હોવાનું વ્યાજબી શંકા રહિત પુરવાર કરેલ ન હોય તેમજ ભોગ બનનારની જુબાની તથા બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન તથા ડોકટરશ્રી રૂબરૂની હિસ્ટ્રી ધ્યાને લેતા, ભોગ બનનાર અને આરોપી નંબર–૧ વચ્ચે પ્રેમ સંબંધ હોવાનું અને બંને સ્વેચ્છાએ અને રાજીખુશીથી ઘરેથી ભાગી ગયેલ હોવાનું રેકર્ડ ઉપરના પુરાવાથી જણાય છે તેમજ અન્ય સાહેદોએ બનાવ નજરે જોયેલ ન હોવાનું જણાઈ આવે છે તેમજ બનાવની ફરીયાદ ત્રણેક દિવસ મોડી આપવામાં આવેલ છે અને ફરીયાદ મોડી આપવા બદલ કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી તેમજ ભોગ બનનાર બનાવ સમયે સગીર વયના હોવાનું વ્યાજબી શંકા રહિત પુરવાર કરેલ નથી. વધુમાં, આરોપી નંબર–ર નાઓએ બનાવ સમયે આરોપી નંબર–૧ અને ભોગ બનનારને મદદગારી કરેલ હોવાનો આક્ષેપ છે. પરંતુ, જયારે મુખ્ય આરોપી સામેનો કેસ વ્યાજબી શંકા રહિત પુરવાર થતો નથી ત્યારે આરોપી

નંબર–૨ નાએ આરોપી નંબર–૧ નાઓને મદદગારી કરેલ હોવાનું વ્યાજબી શંકા રહિત પુરવાર થયેલુ માની શકાય નહીં. તે સંજોગોમાં ફરીયાદ પક્ષ પોતાનો કેસ સ્પષ્ટ અને નકકર પુરાવાથી વ્યાજબી શંકા રહિત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઇ, મુદ્દા **નંબર–૨ અને ૩** નો ઉત્તર **નકાર**માં આપી **મુદ્દા નંબર–૪** અન્વયે છેવટનો હુકમ નીચે મુજબ કરૂ છું.

**–:: હુકમ ::–**

(૧) આ કેસના આરોપી નં.**(૧) આકાશ ઉર્ફે અકુ રસિકભાઇ કાનજીભાઇ રાવળ,** રહે.મણુંદ, પાંચ માઢ, બગીચાની બાજુમાં, તા.જી.પાટણ તથા **(૨) અક્ષય દશરથભાઇ કરશનભાઇ વાઘરી,** રહે.મણુંદ, આથમણી પાર્ટી, વાઘરીવાસ, તા.જી.પાટણવાળાને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૫૮(૧) અન્વયે તેમની સામેના ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૫૪ તથા પોકસો એકટની કલમ–૪(૨), ૫(એલ), ૬, ૧૧(૪), ૧૭ મુજબના શિક્ષાને પાત્ર ગુના ના–સાબિત માની નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ અન્વયે હુકમ કરવામાં આવે છે કે, આ ચૂકાદા સામે અપીલ/ રીવીઝનનો પ્રસંગ ઉપસ્થિત થાય તો તે સંબંધે આરોપીઓની હાજરી ઉપલબ્ધ થાય તે માટે પ્રત્યેક આરોપીએ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) પુરાવામાં સધ્ધર સ્થાવર મિલકત ધરાવતા જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા અને આરોપીઓએ આપેલ આ જામીનખત તથા જાત મુચરકા આ હુકમથી ૦૬ માસ સુધી અસ્તિત્વમાં રહેશે.

(૩) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પૈકી મુદ્દામાલ પાવતી નંબર–૧૨૨/૨૦૨૪ માં જણાવેલ મુદ્દામાલ મારૂતિ

સુઝુકી કંપનીની વેગન–આર મોડેલની ગાડી અંગે અગાઉ કોઇ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તેવો હુકમ કાયમ રાખવામાં આવે છે અને જો કોઇ વચગાળાનો હુકમ કરવામાં આવેલો ન હોય તો સદર મુદ્દામાલ ગાડીની માલિકી અંગેની ખરાઇ કરી તેના જે તે માલિકને અપીલ સમય વિત્યા બાદ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે, જયારે મુદ્દામાલ પાવતી નંબર–૧૧૯/૨૦૨૪ તથા ૧૨૦/૨૦૨૪ માં જણાવેલ તમામ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ : **૧૧** મી, માહે : **માર્ચ**, સને : **૨૦૨૬** ના રોજ ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૩/૨૦૨૬.
પાટણ.

**( બીપીન કે. બારોટ )**
જીજે–૦૦૫૬૬
સ્પેશ્યલ જજ (પોક્સો), પાટણ.

KBS.